**GJVD020740892024**

सत्यमेव जयते

**મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં,પ્રથમ કોર્ટ, મુ. વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૬૫૩૪૬–૨૦૨૪**

ફરિયાદી : **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

આરોપી : **ચેતનકુમાર જયંતીલાલ શર્મા**

**–:: આંક – ૦૧ લગત હુકમ ::–**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ઇ. પી. કોડની કલમ– ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીએ આજરોજ હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા હાલનો ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનુ કોઇ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫** માં પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાત ધ્યાને લેતાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે ઈ. પી. કોડની કલમ- ૨૭૯ તથા એમ. વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન - ૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વડોદરા.
તા.૧૪/૦૯/૨૦૨૪

**(પી. એસ. રાઠોડ)**
**જ્યુડી.મેજી. ફ.કલાસ,પ્રથમ કોર્ટ ,વડોદરા**
**જજ કોડ નં. જીજે ૦૧૧૩૪**

| |
|---|
| Received Rs. _________________ |
| Receipt No._______________ |
| Date : 14/09/2024 |

Superintendent
J.M.F.C. FIRST COURT,
VADODARA.